# <u>પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી કેમ્પ – ચોથો રાઉન્ડ</u>

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સીઆરસી કો.ઓર્ડિનેટરની ૧૧ માસ કરાર આધારિત પ્રતિનિયુકિતથી પસંદગી માટે મે,૨૦૧૭ દરમ્યાન મેરીટ ક્રમ નં–૧ થી ૧૨૦૦ ક્રમના ઉમેદવારોને પ્રમાણપત્રો ચકાસણી અને સ્થળ પસંદગી કેમ્પમાં ઉપસ્થિત રહેવા જણાવેલ હતું.

ઉકત કેમ્પબાદ હાલના તબકકે <u>૧૨૬ જગ્યાઓ ખાલી હોઈ નીચે દર્શાવેલ સ્થળે સુચિત કાર્યક્રમ મુજબ પ્રમાણપત્ર ચકાસણી અને તે આધારે માન્ય ઉમેદવારો માટે જિલ્લા પસંદગી કેમ્પ યોજાનાર છે.</u> જેમાં મેરીટ ક્રમ–૧૨૦૧ થી મેરીટક્રમ ૧૬૦૦ ના સુધીના ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ સંદર્ભે અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો. હાલના તબકકે જે <u>જિલ્લામાં જગ્યા ખાલી છે તેની જિલ્લા વાઈઝ ખાલી જગ્યાની વિગતો વેબ સાઈટ પર છે. જેને ધ્યાને લેશો.</u>

**સ્થળ/સરનામુ : પીટીસી ભરતી બિલ્ડીગ,**
**નવા સચિવાલય રોડ, એસબીઆઈ બેન્કની પાસે, ઈન્કવાયરી ઓફિસની બાજુમાં, સેકટર–૧૯, ગાંધીનગર**

**સમય પત્રક :**

| સંભવિત સમય | તા.૨૧.૬.૨૦૧૭(બુધવાર) |
|---|---|
| સવારે ૧૦.૦૦ કલાક | મેરીટ ક્રમ–૧૨૦૧ થી ૧૩૫૦ |
| બપોરે ૧.૩૦ કલાક | મેરીટ ક્રમ–૧૩૫૧ થી ૧૫૦૦ |
| બપોરે ૪.૦૦ કલાક | મેરીટ ક્રમ–૧૫૦૧ થી ૧૬૦૦ |

પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે વેબસાઈટ પર મુકવામાં આવેલ સુચનાઓ વાંચીને તે મુજબના આધાર પુરાવા ઓરીજનલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલ લાવવાની રહેશે. ઓનલાઈન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની ખરાઈમાં ક્ષતિ જણાયે અથવા માન્ય ન હોય તેવા પ્રમાણપત્રોની ખરાઈ કરી આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**ખાસ નોંધ : મેરીટ ક્રમ ૧૨૦૧ થી મેરીટ ક્રમ ૧૬૦૦ ના તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો ચકાસણી કરવામાં આવશે પરંતુ હાલ પુરતુ માત્ર ખાલી રહેલ ૧૨૬ જગ્યાઓ ભરવાની થતી હોય અગ્રતાક્રમ અનુસારના કુલ ૧૨૬ ઉમેદવારોને જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. આ સિવાયના ઉમેદવારોનો પ્રતિક્ષા યાદીમાં સમાવેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.**